# જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન ગોત્રી વડોદરા ના સમરી કેસ નં.૧૭૮૦/૨૦૧૭ હેઠળ હુકમ

હાલનો કેસ આજરોજ યોજાયેલ નેશનલ લોક અદાલતમાં મુકવામાં આવેલ છે. જેમાં એમ.જી.વી.સી.એલ. ના અધીકારીશ્રીઓ હાજર છે અને તેમની રૂબરૂમાં આ કેશ નીકળતા આરોપીઓનો પ્રથમ ગુન્હો છે અને તેઓએ આરોપી સામે નોંધાયેલ ફરીયાદ મુજબની બીલ વિગેરેની રકમ ભરપાઈ કરી દીધેલ હોય, આ સમરી કેસ ફરીયાદપક્ષે માંડવાળ કરવા વાંધો નથી જેથી નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુ ક મ

જી.યુ.વી.એન.એલ. ગોત્રી વડોદરા દ્વારા ગ્રાહક અગર બીન ગ્રાહક ઉપર વીજ ચોરી સબંધે ધી ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ ૧૩૫ મુજબની આ કિસ્સામાં ફરીયાદ નોંધવામાં આવેલી આ કાયદાની કલમ : ૧૫૨ મુજબ જો ગુનો પ્રથમ વારનો હોય અને ગ્રાહક વીજ ચોરીની રકમ ભરવા તૈયાર હોય આ કાયદાની કલમ–૧૫૨ હેઠળ માંડવાળ કરવા પાત્ર છે.

જી.યુ.વી.એન.એલ ગોત્રી વડોદરા આરોપી `**કાનજીભાઈ ભારૂભાઈ રાઠવા** સામે ધી ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ નીકલમ૧૩૫–એ હેઠળ વીજ ચોરી અંગેની એફ.આઈ.આર પ્રથમ બાતમી નંબર **૯૮૬૨/૨૦૧૬** થી જી.યુ. વી. એન. એલ. પોલીસ સ્ટેશન ગોત્રી વડોદરા ખાતે નોંધાવેલી છે.

ત.ક. અમલદારના ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૧૭૩ ના આખરી અહેવાલ મુજબ વિજ ચોરી તથા કમ્પાઉન્ડીંગ ચાર્જ આરોપીએ કંપનીમાં ભરપાઈ કરી દીધેલ છે. આરોપીનો આ પ્રથમ વારનો ગુન્હો છે.

સબબ ધી ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ ૧૫૨ હેઠળ તહોમતદાર સામેની કાર્યવાહી આગળ ચલાવવી જરુર નથી અને આ કાયદાની કલમ ૧૫૨(૩) હેઠળ જયારે ફરીયાદપક્ષે સમરી મંજુર કરવા સામે વાંધો ન હોય, હાલનો કેસમાં કોગ્નીઝ લેવા ની જરુરીયાત ન હોય, માંડવાળ કરવામાં આવે છે.

તારીખ: ૧૦ / ૦૨ /૨૦૧૮
દાહોદ

––––––––––––––––
સ્પેશીયલ જજ (ઈલેકટ્રીસીટી)
દાહોદ

Code No.:-00595